

## પાલનપુર અંબાજી માર્ગ ઉપર દશ્ય જોવા મળ્યું

પાલનપુર-અંબાજી રોડ પર આવેલ જલાત્રા ગામ નજીક અરવલ્લી ની ગિરિમાળામાં ગુરુ મહારાજનો ભાંખરો આવેલ છે . જ્યા હાલ ઉનાળા ની મોસમમાં વહેલી પરોઢે સૂર્યોદય સમયે સૂર્ય નારાયણ જાણે પહાડ વીંધી ને બહાર નીકળતા હોય અને દિવસ ભરની પરિક્રમા કર્યા બાદ સૂર્ય દેવ ઢળતી સાંજે જાણે આ પહાડો માં સમાય રહ્યા હોય તેવો કુદરતી નજારો સર્જાય રહ્યો છે.જોકે હાલ લોકો ગુરુ પર્વત પર ગુરુ મહારાજ નો લોટ કરવા જતા હોય આ અદભુત નજારો માણી આંનદિત થઈ રહ્યા છે.

# ડીસામાં ધોળા દિવસે દુકાનમાંથી રૂપિયા ભરેલ થેલો લઈ ગઠિયો ફરાર

**સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ**

ડીસા, તા. ૨૫

ડીસાના જુના બસ સ્ટેન્ડ વિસ્તાર પાસે આવેલી એક દુકાનમાંથી બે અજાણ્યા ઈસમોએ દુકાન માલિકનું ધ્યાન ભટકાવી રૂપિયા ભરેલી થેલી લઈ ફરાર થઈ ગયા હતા.આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતા પોલીસે ગઠિયાની શોધખોળ હાથ ધરી છે. ડીસાના સિંધી કોલોની વિસ્તાર ખાતે રહેતા અમૃતલાલ ઠકરર જુના બસ સ્ટેન્ડ નજીક સદાશીવ પ્રોવિજન નામની દુકાન ચલાવે છે અને કરિયાણું વેચી પરિવારનો નિર્વાહ કરે છે જેઓ ગત બુધવારે પોતાની દુકાને બેઠા હતા. તે દરમિયાન એક અજાણ્યો યુવક તેમની પાસે આવેલ અને તેમને કહ્યું કે તમારી દુકાનની બાજુમાં પૈસા પડ્યા છે જેથી દુકાન માલિક અમૃતલાલ પૈસા લેવા ગયા તે દરમિયાન તેમની નજર ચૂકવી એક અન્ય યુવક તેમની દુકાનમાં ઘુસીને અને રૂપિયા ભરેલ થેલો લઈ ફરાર થઈ ગયો હતો. બાદમાં મોડી સાંજે દુકાનમાંથી રૂપિયા ભરેલ થેલો ગાયબ જણાતાં તેમણે સીસીટીવી કેમરા ચેક કરતા એક ગઠિયો દુકાનમાંથી થેલો લઈ જતો દેખાયો હતો. જેથી આ મામલે દુકાન માલિક અમૃતલાલ ઠકકરે ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ગઠિયાઓની તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજના ધડકણ ખાતે મહિલાએ ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી

**મહિલાની માતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મહિલાના પતિ, જેઠ, જેઠાણી સહિત ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી : શારીરિક માનસિક ત્રાસ આપી મરી જવા સુધી દુષ્પેરણ કરતા મહિલાએ ગળેફાંસો ખાધો**

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે રહેતી મહિલાએ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઇ ને જીવનલીલા સંકેલી તો મહિલાની માતા દ્વારા જમાઈ , જેઠ,જેઠાણી ત્રણ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરી. પ્રાંતિજ તાલુકાના પુનાદરા ના વતની અરવિંદસિંહ ઝાલા તેવો છેલ્લા વીસ વર્ષ થી ધડકણ ખાતે પટેલ ના બોર કુવા ઉપર ખેતી મા ભાગ રાખી તેવોના પરિવાર સાથે રહેતા હતા અને તેવો ના નાનો દિકરો જીગર સિંહ ઝાલા ના લગ્ન ગાંધીનગર ના ચંદ્રાલા ખાતે રહેતા વિષ્ણુજી મકવાણા ની દિકરી કિંજલ બેન થયા હતા તો કિંજલ બેન ના પતિ જીગર સિંહ તેવો કિંજલબેન ઉપર વહેમ કરી તથા કામ બાબતે ગાળો બોલી અવારનવાર મારઝૂડ કરતા તથા તેના જેઠ કિશનસિંહ તથા જેઠાણી અનિતાબેન લગ્ન વખતે તારા માતા-પિતાએ દાગીના આપેલ નથી તેમ કહી મહેણાટોણા મારી શારીરિક માનસિક ત્રાસ આપી કિંજલ બેન ને મરી જવા સુધી નુ દુષ્પેરણ કરતા કિંજલબેન ત્રાસ સહન ના થતા પોતાની જાતે ગળેફાંસો ખાઇ મરણ થતા મહિલા ની માતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા જમાઈ જીગર સિંહ અરવિંદસિંહ ઝાલા , જેઠ કિશનસિંહ અરવિંદસિંહ ઝાલા, તથા જેઠાણી અનીતાબેન અરવિંદસિંહ ઝાલા ત્રણેય રહે પુનાદરા તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ-૩૦૬, ૪૯૮એ, ૩૨૩ , ૫૦૪ , ૧૧૪ મુજબ ગુનોનોંધી આગળની કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુરમાં પાણીની તંગી : કેટલાક પરિવારોએ પ્રાઈવેટ ટેન્કર મંગાવવા પડ્યા..!

**૨૫૦ રૂપિયા એક ટેન્કરના ચૂકવવા પડે છે..! : શક્તિનગર વિસ્તારમાં પાણી અપૂરતું આવતાં રહીશોમાં રોષ**

પાલનપુર તા.૨૫

પાલનપુરમાં પાણી માટે પોકારો ઉઠ્યા છે. તો કેટલાક પરિવારો જે અંડર ગ્રાઉન્ડ ટાંકી બનાવી છે તેમણે ૨૫૦ રૂપિયા ખર્ચી પ્રાઈવેટ ટેક્કર મંગાવવા પડ્યા છે. શહેરના કોટ વિસ્તારના ઊંચાણવાળા વિસ્તારો ઉપરાંત શક્તિનગર વિસ્તારમાં પાણી અપૂરતું આવતાં રહીશોમાં રોષ વ્યાપી ગયો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર શહેરમાં પીવાના પાણીની તંગી એ હદે વકરી છેકે શહેરમાં કેટલાક પરિવારો ટેક્કર મંગાવવા મજબૂર બન્યા છે.

ધરોઈ દ્વારા અપાતો પાણીનો પુરવઠો પાછલા કેટલાક દિવસોથી અપૂરતો આવતા આ સ્થિતિ સર્જાઈ છે. શહેરના તમામ વોર્ડમાં ધરોઈ જૂથ યોજના આધારિત પાણી ઉપરાંત સીટીના ૪૦ બોરનું પાણી આપવામાં આવે છે. હાલમાં છેલ્લા ૧૫ દિવસથી ધરોઈનું પાણી ૫૦ ટકા થઈ જતાં અત્યારે માત્રને માત્ર ૮૦ લાખ લીટર પાણી પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જેના કારણે શહેરમાં વિતરણ વ્યવસ્થામાં કાપ મૂકવામાં આવ્યો છે. પાણી સપ્લાય કરતા વાલમેનો અને બોર ઓપરેટર છેલ્લા કેટલાક દિવસોથી લોકોના ફોન રિસીવ કરી રહ્યા છે. મીરા ગેટ સંપ પરનો સ્ટાફ સાંજે ૫ થી ૬ ના વચ્ચે પાણી વિતરણની વ્યવસ્થામાં નગરસેવકની સાથે સપ્લાય માટે નીકળ્યા હતા.

ઉપરાંત કોટ વિસ્તારના ઊંચાણવાળા કેટલાક વિસ્તારમાં પાણી ન પહોંચતા તેમણે ફરિયાદો કરી હતી. તો બીજી તરફ પાલનપુર શહેરના અમીરબાગ સોસાયટીમાં એક મકાનમાં પરિવારે ૨૫૦ રૂપિયાના ખર્ચે પાણીનું ટેક્કર મંગાવ્યું હતું. આસપાસના રહીશોએ જણાવ્યું કે હાલમાં પાણીની ઘટ હોવાથી પાણીનું ટેક્કર મંગાવ્યું છે અને પાણી ની ટાંકીમાં સ્ટોર કર્યું છે. બીજી તરફ શક્તિ નગર વિસ્તારમાં પાણી પુરવઠો અપૂરતો મળતા સોસાયટીના રહીશોએ વાલમેન સાથે સમસ્યા અંગે પૂછતા જાણવા મળ્યું હતું કેપાણીની ઓવરહેડ ટાંકી પહેલા ૫ કલાકમાં ભરાતી હતી હતી જે હવે આઠ કલાકે પણ અડધી ભરાય છે પાણી સપ્લાય ઓછો છે એમાં પણ છેલ્લા કેટલાક દિવસથી પાણીની ટાંકી અપૂરતી ભરાતા કેટલાક વિસ્તારો સુધી પાણી પહોંચતું નથી.શક્તિનગર વિસ્તારમાં જ્યાંથી પાણી પુરવઠો પહોંચાડવામાં આવે છે તે અમીરબાગ સંપની મુલાકાત લેતા અમીરબાગ સંપ પરના ફરજ પરના સ્ટાફે જણાવ્યું કે બે દિવસથી વાલ બગડી ગયો હતો જેનો રીપેરીંગ કામ ચાલતું હતું જેથી કેટલાક વિસ્તારોમાં પાણીની ખેંચ ઊભી થઈ હતી જે હવે નહીં રહે.

## પાલનપુરની રાણીબાગ ટાંકીનું આવરણ વર્ષોથી ક્ષતિગ્રસ્ત

પાલનપુર તા.૨૫

પાલનપુરના નાની બજારમાં આવેલી રાણીબાગ ટાંકીને વર્ષોથી પાકી છત જ નથી. લોખંડની જાળી અને પ્લાસ્ટિકનું આવરણ છે. જે જગ્યા જગ્યાએ તૂટી ગયું છે. શુક્રવારે સાંજે જ્યારે અમીરબાગ સંપથી પાણી છોડવામાં આવ્યું ત્યારે અમારી ટીમ રાણીબાગ ટાંકીની ઉપર ચઢી હતી ત્યારે પાણીમાં કબૂતરના પીંછા જોવા મળ્યા હતા. ઠંડક હોવાથી ખુબજ મોટી સંખ્યામાં કબૂતરોનો જમાવડો આ ટાંકીમાં રહે છે. ફરજ પરના સ્ટાફે જણાવ્યું કે ટાંકીમાં અમીરબગ સંપ અને મિરાગેટ સંપનુ ફિલ્ટર પાણી આવે છે.૧૯૮૦માં આ ટાંકીનું નિર્માણ થયું હતું. જેના થોડા વરસો બાદ ઉપરની છત તૂટી હતી. જે બાદ ટાંકી પર પ્લાસ્ટિકનું આવરણ અને લોખન્ડની જાળી લગાવવામાં આવી હતી.



## દેશી વોટર પાર્કની મજા માણતા અબોલા પશુઓ...

આકાશમાંથી સૂર્ય અગનગોળા છોડતો હોય એમ ધીમેધીમે તાપમાનનો પારો ઊંચો જતો જાય છે. ક્યારેક તાપ સાથેનો અસહ્ય બફારો માનવી અને મૂંગા પશુઓને બેબાકળા બનાવી મૂકે છે. ગામડાઓમાં અને આસપાસના જંગલોમાં જ્યાં નદી, નાળા અને ખાબોચિયામાં થોડું ઘણું પાણી બચ્યું છે તેમાં આ અબોલા પશુ માનવીની જેમ ગરમ લૂ થી બચવા પાણીમાં છબછબીયાં કરી વોટરપાર્ક જેવો આનંદ માણવાનું ચૂકતા નથી... આ કુદરતી વોટરપાર્કનો સહારો આ અબોલા પશુ શરીરને દઝાડતી ગરમીથી રાહત મેળવવા પ્રયાસ કરી રહેલા તસવીરમાં નજરે પડે છે.

# અરવલ્લી જિલ્લાની આકરૂન્દ હાઈસ્કુલ ધો.૧૦ બોર્ડ પરીક્ષા પરિણામમાં છવાઈ, ૮૦ ટકા પરિણામ

**કેન્દ્રનું સમગ્ર જિલ્લામાં બીજા સ્થાને સર્વશ્રેષ્ઠ પરિણામ**



બાયડ, તા.૨૫

બોર્ડ દ્વારા ગુરૂવારે ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થયું જેમાં અરવલ્લી જિલ્લાનું ૬૨.૪૫ ટકા પરિણામ આવ્યું છે ત્યારે ધનસુરા તાલુકાના આકરૂન્દની શ્રીમતી પી. કે. ફણસે વિદ્યાલયનું ૮૦.૧૫ ટકા પરિણામ સાથે ગ્રાન્ટેડ શાળાઓમાં પરિણામમાં અગ્રેસર રહી છે. જ્યારે આકરૂન્દ પરીક્ષા કેન્દ્રનું સમગ્ર જિલ્લામાં બીજા સ્થાને શ્રેષ્ઠ પરિણામ રહેતાં આકરૂન્દ હાઈસ્કુલના તેજસ્વી તારલાઓ પર કેળવણી મંડળના ટ્રસ્ટીઓ તેમજ ગ્રામજનોની અભિનંદન વર્ષા શરૂ થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર શરૂઆતથી જ સારૂ શિક્ષણ આપવામાં આવે તો બોર્ડ પરીક્ષામાં ધાર્યું પરિણામ મેળવી શકાય છે તેનું ઉમદા દ્રષ્ટાંત ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલે પુરૂ પાડ્યું છે. નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યારથી જ સવારે ૯-૩૦ કલાકથી ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ માટે આખું વર્ષ શિક્ષણ કાર્ય શરૂ થાય છે અને દર સપ્તાહે ચેપ્ટરના ટેસ્ટ લેવામાં આવે છે તેમજ વાલીઓને પણ તેમના સંતાનોના અભ્યાસથી વાકેફ કરવામાં આવે છે તેમજ નિયમિત વાલી મીટીંગમાં પણ વિદ્યાર્થીના અભ્યાસનો રિપોર્ટ કાર્ડ રજૂ કરવામાં આવે છે તેમજ માર્ચ મહિનામાં પરીક્ષા યોજાય ત્યાં સુધી બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થી સતત શાળામાં આવે તે પ્રકારે આયોજન કરી તેમને મૂંઝવતા ચેપ્ટર સબંધી ઉકેલ પણ વિષય શિક્ષકો દ્વારા લાવવામાં આવે છે અને તેના કારણે દર વર્ષે બોર્ડ પરિણામમાં આકરૂન્દ હાઈસ્કુલ સમગ્ર વિસ્તારમાં પ્રથમ હરોળમાં સ્થાન મેળવે છે. ગત માર્ચ-૨૦૨૩માં યોજાયેલી બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થયું તેમાં ફરી એકવાર જિલ્લામાં નબળા પરિણામ છતાં આકરૂન્દ હાઈસ્કુલનું વિક્રમી ૮૦.૧૫ ટકા પરિણામ આવ્યું છે. શાળાની પ્રાચી કેતૂલકુમાર બારોટ ૯૯.૨૮ પર્સન્ટાઈલ રેન્ક સાથે પ્રથમ, વિશ્વા હરેશભાઈ બારોટ અને વેદ જગદીશભાઈ બારોટ સંયુક્તપણે ૯૯.૨૪ પર્સન્ટાઈલ રેન્ક સાથે બીજા, પ્રિન્સી નિલેષકુમાર વાળંદ ૯૭.૩૨ પર્સન્ટાઈલ રેન્ક સાથે ત્રીજા સ્થાને શાળાને ગૌરવ અપાવ્યું છે. આકરૂન્દ હાઈસ્કુલના વિદ્યાર્થીઓના ઉમદા દેખાવથી ફરી એકવાર બોર્ડ પરીક્ષામાં સમગ્ર જિલ્લામાં આકરૂન્દ હાઈસ્કુલના ડંકા વાગતાં શાળાના આચાર્ય જે.ડી.ભાટી, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા અને વિષય શિક્ષકોને આકરૂન્દ કેળવણી મંડળના પ્રમુખ પ્રવિણ એમ. પટેલ, મંત્રી હસમુખભાઈ પટેલ અને તેમની કમીટી સહિત ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

**આકરૂન્દ હાઈસ્કુલના ટોપટેન વિદ્યાર્થી**

| નામ | મેળવેલ પર્સન્ટાઈલ |
|---|---|
| કુ. પ્રાચી કેતૂલકુમાર બારોટ | ૯૯.૨૮ |
| વિશ્વા હરેશભાઈ બારોટ | ૯૯.૨૪ |
| વેદ જગદીશભાઈ બારોટ | ૯૯.૨૪ |
| પ્રિન્સી નિલેષકુમાર વાળંદ | ૯૭.૩૨ |
| નેહા હિમાંશુકુમાર બારોટ | ૯૬.૫૩ |
| પ્રાર્થના ભાવેશભાઈ પટેલ | ૯૬.૪૩ |
| વિવેક સવાભાઈ ગમારા | ૯૬.૩૨ |
| સિયા કમલેશકુમાર પટેલ | ૯૬.૧૧ |
| માનવ જીતેન્દ્રભાઈ બારોટ | ૯૫.૫૪ |
| નિધિ અરૂણભાઈ દરજી | ૯૫.૦૬ |

**આકરૂન્દ પરીક્ષા કેન્દ્ર સમગ્ર જિલ્લામાં બીજા સ્થાને**

ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે ત્યારે સમગ્ર જિલ્લામાં આકરૂન્દ પરીક્ષા કેન્દ્રનું ૭૫.૯૭ ટકા પરિણામ આવ્યું છે. જે સમગ્ર જિલ્લામાં પરીક્ષા કેન્દ્રમાં બીજા સ્થાને હોવાનું જાણવા મળ્યું છે. આકરૂન્દ પરીક્ષા કેન્દ્રમાં ૩૮૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી તેમાંથી ૨૯૪ વિદ્યાર્થી ઉત્તિર્ણ થયા છે.

**પૂજારી હજારી પ્રસાદની કળા વાંચો....**

# મોડાસાના યાત્રાળુને કડવો અનુભવ, ઉત્તરાખંડ સરકારનું ધ્યાન દોર્યું

મોડાસા, તા. ૨૫

ઉત્તરાખંડ રાજ્ય સ્થિત કેદારનાથ મંદિરનું ધાર્મિક મહત્વ ઘણું વધારે છે.કેદારનાથના દર્શન કરવાની ઈચ્છા દરેક વ્યક્તિને હોય છે. કેદારનાથના દર્શન કરવા માટે ભક્તોમાં ભારે ઉત્સુકતા હોય છે કેદારનાથ યાત્રામાં હેલિકોપ્ટર રાઈડ માટે ઓનલાઈન બુકીંગ કરવામાં આવે છે તંત્ર દ્વારા હેલિકોપ્ટર રાઈડની ટિકિટના કાળા બજાર અટકાવવા ઊઈ કોડ સ્કેન કરવો પડે છે અને એક વ્યક્તિ છ ટિકિટ બુક કરાવી શકે છે અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના અગ્રણી વેપારીને હેલિકોપ્ટર રાઈડમાં હજારી પ્રસાદ નામના પૂજારી દ્વારા લૂંટ ચલાવવામાં આવતી હોવાનું અને ઓનલાઈન બુકીંગ સિસ્ટમ હોવા છતાં ત્રણ ગણા યાત્રાળુઓ પાસેથી રૂપિયા ખંખેરી રહ્યો હોવાનું ધ્યાનમાં આવતા ચોંકી ઉઠ્યા હતા અને આ અંગે ઉત્તરાખંડ સરકાર, પ્રવાસન મંત્રીને જાણ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી.

મોડાસા શહેરના અગ્રણી વેપારી જયેશ દોશી તેમના મિત્ર વર્તુળ સાથે કેદારનાથ યાત્રાધામમાં પૂજા પાઠ અને દર્શન કરી ધન્યતા અનુભવવાની સાથે હેલિકોપ્ટર રાઈડના નામે હજારી પ્રસાદ નામના પૂજારી દ્વારા થતી બેફામ લૂંટથી ચોંકી ઉઠ્યા હતા ઓનલાઈન બુકીંગમાં સિંગલ હેલિકોપ્ટરનું ભાડું રૂ.૨૭૫૦ હોવા છતાં પૂજારી રૂ.૧૦૦૦૦ લઈ રાઈડ કરાવવામાં આવતા ચોંકી ઉઠ્યા હતા અને ઓનલાઈન બુકીંગ સિસ્ટમ સામે પણ આક્રોશ ઠાલવ્યો હતો . આ અંગે **'Mera Gujarat'**ના પ્રતિનિધિ સાથે વાત કરતા જયેશ દોશીએ જણાવ્યું હતું કે કેદારનાથ યાત્રા માટે રેલવે વિભાગ દ્વારા હેલિકોપ્ટર રાઈડ માટે **heliyatra.irctc.co.in** વેબસાઈટ પર ઓનલાઈન બુકીંગ કરાવવું પડે છે પરંતુ આ



વેબસાઈટનું પેજ ઓપન જ થતું ન હોવાનું અને ઓપન થાય ત્યારે બુકીંગ ફૂલ ઓપ્શ્ન આવી જતો હોય છે તંત્ર દ્વારા કાળા બજાર અટકાવવા માટે ઓનલાઈન બુકીંગ સિસ્ટમ ગોઠવી હોવાની વાતો કરે છે ત્યારે કેદારનાથમાં પૂજા કરાવતા હજારી પ્રસાદ પૂજારી દ્વારા તેમની પાસે પૂજા વિધિ કરાવનાર યાત્રાળુઓને બુકીંગ ફૂલ હોવા છતાં પરત ફરવા વેઈટિંગ ન કરવું પડે તે માટે વન-વે નું ભાડું રૂ.૨૭૫૦ હોવા છતાં રૂ.૧૦૦૦૦ લઈ હેલિકોપ્ટર રાઈડ સેવા ઉપલબ્ધ કરાવી આપવામાં આવતી હોવાનું જોઈ સમસમી ઉઠ્યા હતા અને આ અંગે સોશ્યલ મીડિયાના માધ્યમથી ઉત્તરાખંડના મુખ્યમંત્રી સહીત જવાબદાર મંત્રાલય અને પ્રવાસન વિભાગમાં જાણ કરી હતી અને તેમના ફેસબુક પેજ પર હજારી પ્રસાદ નામનો પુંજારી કઈ રીતે શ્રદ્ધાળુઓ પાસેથી ગેરકાયદેસર પૈસા ઉલેચી રહ્યો છે તેની રૂપરેખા પણ લખી છે



સાબરકાંઠા ના તલોદ તાલુકાનાં સવાપુર ગામે મહાકાલી માનો ૩૦ મો પાટોત્સવ ઉજવાયો .. આ પાટોત્સવ માં ૩૧ જોડા સાથે ધર્મ લાભ લીધો હતો. આ મહાયજ્ઞ માં ભૂદેવો દ્વારા મંત્રોચાર થી પૂજા અર્ચના કરવામાં આવી હતી અને વાતાવરણ ભક્તિમય બનાવ્યું હતું. આ પ્રસંગે ચેરમેને શ્રી મહિલા અને બાળવિકાસ ઝાલા રેખા બા અને હરસોલ ના તાલુકા સદસ્ય શ્રી દિલીપ ભાઈ પટેલ,અને ઈન્દુ ભા અને ગામ ના વડીલો હાજર રહ્યા હતા.




તલોદ તાલુકાના પનાપુર ખાતે આવેલ ગ્રુપ સસ્તા અનાજની દુકાનના સંચાલકના વિરુદ્ધ ટાઈમ સર અનાજ ન આપતા ગ્રામજનો દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું... પનાપુ ર ખાતે આવેલ ગ્રુપ સસ્તા અનાજની દુકાનના સંચાલક ઝાલા મહેન્દ્રસિંહ રામસિંહ વિરુદ્ધ અભેદભર્યું વર્તન કરતા ગ્રામજનો ને અપશબ્દો બોલી અનાજ નહિ મળે તેવા શબ્દો ઉચ્ચાર કરી ગ્રામજનો રોષે ભરાઈ ને સમસ્ત ગ્રુપ મંડળી માં આવતાં ગામો પના પુર, નાણાં, નવી અને જૂની ગઢવાડ ના ગ્રામજનો એ છેલ્લા બે વર્ષ થી સહન કરતા ગ્રામજનો એ ઘણી વાર રજૂઆત કરતા તંત્ર દ્વારા કોઈ પણ કાર્યવાહી ન કરતા આખરે મામલતદાર કચેરી ખાતે આવેદન પત્ર આપી જો કોઈ યોગ્ય કાર્યવાહી ન થાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.